ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર
સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયોને જુન-૨૦૦૫
થી મે-૨૦૧૦ સુધી આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ.)
ના અભ્યાસક્રમ માટે વધુ જોડાણ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવક્રમાંકઃજીએયુ/૧૦૦૬/એસ.એફ.એસ-૨૪૧/છ
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- 29 JUL 2006.

**સંદર્ભઃ-** (૧)આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃજીએયુ/૧૦૨૦૦૨/૪૨૧૨/છ

(૨)ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગરની સિન્ડિકેટની તાઃ૨૯/૭/૦૫ની સભામાં કાર્યસુચિ-૨૦ થી પસાર કરેલ ઠરાવ.

(૩)નિયામકશ્રી,ભારતીય તબીબી અને હોમિયોપેથીની કચેરીની તાઃ૧૧/૭/૦૬ની ફાઈલક્રમાંકઃયનવ/૧/૦૬/એસ.એફ.એસ-૧૪૪

**આમુખઃ-**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયોને જુન-૨૦૦૦ થી મે-૨૦૦૫ સુધી આયુર્વેદાચાર્ય(બી.એ.એમ.એસ)ના અભ્યાસક્રમ માટે જોડાણ આપવામાં આવેલ છે.નિયામકશ્રીના સંદર્ભ-(૩)માં દર્શાવેલ તાઃ૧૧/૭/૦૬ ની સીંગલ ફાઈલ સીસ્ટમથી ઉકત અભ્યાસક્રમ માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સાથે જુન-૨૦૦૫ થી મે-૨૦૧૦ સુધી જોડાણ વધારવાની દરખાસ્ત કરેલ જે દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સરકારની કાળજીપુર્વકની વિચારણાને અંતે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫ ની કલમ-૨૭ ની પેટાકલમ-(૪)અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે ક્રમાંકઃ૧થી૯ સામે જણાવેલ આયુર્વેદ મહાવિદ્યાલયોને બેચલર ઓફ આયુર્વેદ મેડીસીન એન્ડ સર્જરી(બી.એ.એમ.એસ.)આર્યુવેદાચાર્યનો અભ્યાસક્રમ ચલાવવા માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર સાથે જુન-૨૦૦૫ થી મે-૨૦૧૦ સુધી જોડાણ લંબાવી આપવા આથી મંજૂરી આપવામાં આવે છે. આ મંજુરી ફકરા-૩ માં દર્શાવેલ શરતને આધીન રહેશે.

(૧) અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય,અમદાવાદ
(૨) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય,વડોદરા
(૩) આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય,વડોદરા

(૪) શેઠ જી.પ્ર.આયુર્વેદ મહાવિદ્યાલય,ભાવનગર
(૫) ગુલાબકુવરબા આયુર્વેદ મહાવિદ્યાલય,જામનગર
(૬) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય,જુનાગઢ
(૭) શ્રી બાલા હનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય,લોદરા
(૮) શ્રી જો.શ.આયુર્વેદ મહાવિદ્યાલય,નડીયાદ
(૯) શ્રી ઓ.હી.નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય,સુરત

૩. ઉપરોક્ત નવ આયુર્વેદ મહાવિદ્યાલયોએ સરકારશ્રી દવારા નકકી કરવામાં આવેલ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ મુજબના પ્રવેશ નિયમોની જોગવાઇ પ્રમાણે પ્રવેશ ગુણવ-તાના ધોરણે આપવાનો રહેશે તથા સરકારે વખતોવખત ઠરાવેલ નિયત ટકાવારી પ્રમાણે અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ ઉમેદવારો માટે તેમજ આર્થિક અને સામાજીક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે નિયત ધોરણે પ્રવેશની જગ્યાઓમાં અનામત રાખવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.કે.જાદવ)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
- નિયામકશ્રી,ભારતીય તબીબી અને હોમિયોપેથીક પધ્ધતિની કચેરી,૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- આચાર્યશ્રી,અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય,અમદાવાદ
- આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય,વડોદરા
- આચાર્યશ્રી,આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય,વડોદરા
- આચાર્યશ્રી,શેઠ જી.પ્ર.આયુર્વેદ મહાવિદ્યાલય,ભાવનગર
- આચાર્યશ્રી,ગુલાબકુવરબા આયુર્વેદ મહાવિદ્યાલય,જામનગર
- આચાર્યશ્રી,સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય,જુનાગઢ
- આચાર્યશ્રી,શ્રી બાલા હનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય,લોદરા
- આચાર્યશ્રી,શ્રી જો.શ.આયુર્વેદ મહાવિદ્યાલય,નડીયાદ
- આચાર્યશ્રી,શ્રી ઓ.હી.નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય,સુરત
- જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી,અમદાવાદ,વડોદરા,ભાવનગર,જામનગર,જુનાગઢ, મહેસાણા,આણંદ,સુરત.
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ-૦૬